## એ...કાનુડાના બાગમાં

(ફિલ્મઃ વીર ચાંપરાજવાળો)

એ...કાનુડાના બાગમાં(૨)
ચંપો ને ચંપે આવ્યાં છે ફૂલ.
ફૂલ કેરે સાહેલડી તે સાયબો મારો માને નહીં કેમ.
કેમ બોલે રે તારા દિલડાં ઉદાસીમાં છે...
છેલ રે...કેમ રે તારા મનડાં ઉદાસીમાં છે...
એ...વાલા મને ઉતારામાં ઓરડા ને કાંઇ મેડીના મોલ
મોલ કેરે સાહેલડી તે સાયબો
મારો માને નહીં કેમ...કેમ.
એ...સાજનને ભોજન લાપશીને કંઇ કઢિયેલ દૂધ,
દૂધ કેરે સાહેલડી તે સાયબો મારો માને નહીં કેમ...કેમ.
એ...પ્રીતમને પોઢણ ઢોલીયાને કાંઇ હિંડોળા ખાટ,
ખાટ કેરે સાહેલડી તે સાયબો મારો માને નહીં કેમ...કેમ.
એ...કાનુડાના બાગમાં (૨)
ચંપો ને ચંપે આવ્યાં છે ફૂલ.